અપીલ અરજી નં.૩૩૫ તા.૭–૧–૧૦

અરજદારઃ શ્રી હરિશકુમાર ચંપકલાલ સૂર્યવંશી
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, (ઉધનાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હરિશકુમાર ચંપકલાલ સૂર્યવંશીની તા.૨૪–૧૧–૦૯ ની અરજીથી પ્લોટ નં.૧૫૬–બી વોર્ડ નં.૨૭ઈ ની કબ્જા રસીદની માહિતી મેળવવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૭–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૩૫/૨૦૦૯–૧૦

શ્રી હરિશકુમાર ચંપકલાલ સૂર્યવંશીની તા.૨૪–૧૧–૦૯ ની અરજીથી પ્લોટ નં.૧૫૬–બી વોર્ડ નં.૨૭ઈ ની કબ્જા રસીદની માહિતી મેળવવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫માં નીચે સહી કરનારને પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૭૫ તા.૧૮–૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, (ઉધનાઝોન) ને તથા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૭૬ તા.૧૮–૧–૧૦થી અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીની, ફીની વિગત સહિતની નકલ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ)/૧૮૦૮ તા.૨૮–૧–૧૦ થી પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ છે. જેમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, નં.સા.ઝોન/અકણ/(આરટીઆઈ)/૧૪૦૫ તા.૩–૧૨–૦૯ થી મુળ માલિકને કલમ–૧૧ હેઠળ માહિતી આપવી કે નહીં તે બાબત પુછાવવા લખેલ પત્રની નકલ, મુળ માલિકે જાહેર માહિતી અધિકારીને તા.૧૮–૧૨–૦૯ ના રોજ માહિતી બાબતે જણાવેલ પત્રની નકલ, નં.સા.ઝોન/અકણ(આરટીઆઈ)/૧૬૦૨ તા.૩૧–૧૨–૦૯ થી રૂા.૬/– ભરી નકલ લઈ જવા અરજદારને લખેલ પત્રની નકલ,નં.સા.ઝોન/અકણ (આરટીઆઈ)સેલ/ ૧૬૩૪ તા.૪–૧–૧૦ થી આપેલ માહિતીના પત્રની નકલ, નામ ટ્રાન્સફર ફોર્મની નકલરીકવીઝેશન ફોર્મની નકલ, વેરા ભર્યા રસીદની નકલ, પત્ર નં.૧૬૦૨ અને ૧૬૩૪ ના પાઠવ્યા અંગેની યુપીસીની નકલ સામેલ છે.

અરજદારની તા.૨૪–૧૧–૦૯ની મુળ અરજીથી ઉધના વોર્ડ નં.૨૭ ઈ માં કહેવાતો બોગસ પ્લોટ નં.૧૫૬ –બી વાળા પ્લોટની બોગસ કબ્જા રસીદથી આપની કચેરીમાં પ્લોટ દાખલ કરવા નીંબા હરસરામ પાટીલ અથવા અન્ય કોઈ વ્યકિતએ ૨૦૦૬ થી ૨૦૦૮ સુધી જે કોઈ કબ્જા રસીદ આકારણી વોર્ડ નં.૨૭ઈ માં અરજી આવેલી છે તે અરજીની નકલ અને કબ્જા રસીદની નકલ આપવા બાબત. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી માંગવામાં આવેલી માહિતી ત્રાહિત વ્યકિતને લગતી હોય તેઓ તરફથી નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૪૦૫ તા.૩–૧૨–૦૯ થી પ્લોટ ધારક ત્રાહિત વ્યકિત શ્રી હરીરામ મહાદુ પાટીલ ને કલમ–૧૧ હેઠળ નોટીસ આપી રૂબરૂ અભિપ્રાય મંગાવવમાં આવેલ. જે બાબતે ત્રાહિત વ્યકિત તરફથી તા.૧૮–૧૨–૦૯ ના રોજ રજૂ કરેલ પત્રમાં પોતાની સ્વતંત્ર માલીકીનો પ્લોટ નં.૧૫૬/બી ન્યું. હરીધામ સોસાયટી, પાંડેસરા, સુરત વાળી મિલ્કત અંગે માંગેલ માહિતી તેમની પરવાનગી વગર આપી શકાતી નથી. સદરહુ મિલ્કત અંગે કોર્ટમાં બે દાવાઓ થયેલ છે નં.રે.દિ.મું. ૫૪૨/૨૦૦૮ તથા રે.દિ.મું નં.૫૦૬/૨૦૦૯ જેનો નિકાલ બાકી અને મેટર સબ જયુડીશીયલ છે. તેથી અમારા કેસની આવી માહિતીથી કાનૂની અને માઠા પરિણામ આવી શકે છે તેમજ જો માહિતી આપશો તો કન્ટેમ્પ્ટ ઓફ ધી કોર્ટની જવાબદારી સુરત મહાનગરપાલિકા ઉધનાઝોનની રહેશે. તેથી માહિતી નહીં આપવા બાબતે મારો સ્પષ્ટ અભિપ્રાય છે તેવું જાહેર માહિતી અધિકારીને જણાવેલ છે. ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઝોન /અકણ/ આરટીઆઈ /૧૬૦૨ તા.૩૧–૧૨–૦૯ થી માંગેલી માહિતી અને દસ્તાવેજ ફી ની નકલ માટે રૂા.૬/– કચેરીએ જમાં કરી નકલો મેળવવા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે સદર પત્રમાં નોંધેલ રસીદ નં.૧ ૭૫૭૩૯ તા.૨–૧–૧૦ થી રૂા.૬/– ભરપાઈ કરેલ છે. અને જાહેર માહિતી અધિકારીએ નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧ ૬૩૪ તા.૪–૧–૧૦ થી નામફેર ફોર્મ ૧૫૮૬૫ પાના નંગ–૧ રીકવીઝેશન ફોર્મ ઝેરોક્ષ પાના નંગ–૧ મ્યુ. વેરા રસીદ નં.૧૯૩૫૨૬૧ ની ઝેરોક્ષની નકલ પાના નંગ–૧ ની માહિતી આંશિક પૂરી પાડેલ છે. જયારે ત્રાહિત પક્ષકાર શ્રી હીરાલાલ પાટીલે માહિતી આપવા અંગે વાંધો લીધેલ હોય આરટીઆઈ એકટની કલમ–૧૧(૨) હેઠળ વેચાણ દસ્તાવેજની નકલ આપવા ઈન્કાર કરેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૭–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરી તા.૨૪–૧૧–૦૯ ની કરેલી અરજીની તા.૪–૧–૧૦ ના રોજ મળેલી માહિતી અપૂરતી માહિતી મળેલ છે જેમાં ૨૭ઈ માં પ્લોટ નં.૧૫૬/બી માં બોગસ કબ્જા રસીદ ની માહિતી માંગેલ તે મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. વધુમાં અરજદારે અપીલ તબકકે તા.૨૧–૧–૧૦ ના પત્રમાં ૧૫૬/બી કાશીનગર સોસા.ની જગ્યાએ ન્યુ.હરીધામ સોસા. હોવાનું જણાય છે. જેની સાથે દસ્તાવેજ ફી ની નકલ, આપેલ માહિતી પત્રની નકલ, ટ્રાન્સફર ફોર્મની નકલ, અને રીકવીઝેશન ફોર્મની નકલ રજૂ કરેલ છે. સમગ્ર હકીકત જોતાં જાહેર માહિતી અધિકારી તરફથી ત્રાહિત વ્યકિત સિવાયની માહિતી પૂરી પાડેલ છે જે અંગે અરજદારને તકરારને કોઈ કારણ નથી પરંતુ ત્રાહિત વ્યકિતની કલમ–૧૧(૨) હેઠળ કરેલ ઈન્કારની માહિતી બાબતે તકરાર રહેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી કરેલી કાર્યવાહી અને ત્રાહિત વ્યકિતના વાંધાઓની રજૂઆત ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારીનો નિર્ણય આરટીઆઈ કાયદાની કલમ–૧૧ ની જોગવાઈ અનુસાર જણાય છે.

કલમ–૧૧ હેઠળ ત્રાહિતના વાંધા બાદ જો ત્રાહિતને થનાર નુકશાન કે ઈજા સામે માહિતી જાહેર કરવાનું અગત્યનું જણાય તો કાયદાની સુરક્ષિત હોય તેવી વેપાર અથવા વાણિજિયક ગુપ્ત બાબતેના કિસ્સા સિવાય માહિતી જાહેર કરી શકાશે. જે જાહેર માહિતી અધિકારીની વિવેક બુધ્ધિને આધીન છે. પ્રસ્તુત કિસ્સામાં અરજદાર જાહેર હિતની વધુ અગત્યતા પ્રસ્થાપિત કરી શકયા હોય તેવું રજૂ થયેલ વિગતો પરથી જણાતું નથી. તેમ છતાં જાહેર માહિતી કક્ષાએથી જાહેર સ્ત્રોત હેઠળની ત્રાહિતને લગતી માહિતી અરજદારને પૂરી પાડેલ છે. જેમાં વિવાદી બાબત થયેલ કાર્યવાહીનો તેના સંદર્ભસહ સમાવેશ થાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પડાયેલ છે. જયારે ત્રાહિત વ્યકિતની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીનો હુકમ બહાલ રાખવામાં આવે છે. આથી અપીલ અરજી અંગે વધુમાં કાંઈ કરવાનું રહેતુ નથી. અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૨ –૧૦.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, (ઉધનાઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી હરિશકુમાર ચંપકલાલ